# Official Spokesperson's response to media queries on the demise of Father Stan Swamy

July 06, 2021

# ફાધર સ્ટેન સ્વામીના અવસાન પર મીડિયાના સવાલો અંગે સત્તાવાર પ્રવક્તાનો પ્રતિભાવ

જુલાઈ 06, 2021

**ફાધર સ્ટેન સ્વામીના નિધન અંગે મીડિયાના સવાલો વિશે પ્રતિભાવ આપતા શ્રી અરિંદમ બાગચીએ જણાવ્યું :**

"અમે ફાધર સ્ટેન સ્વામીના નિધનના સમાચાર જોયા છે.

2. ફાધર સ્ટેન સ્વામીની યોગ્ય કાયદાકીય પ્રક્રિયા હેઠળ નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને અટકાયતમાં લેવાયા હતા. તેમની સામેના આરોપોની ગંભીરતાને ધ્યાનમાં રાખતા કોર્ટ દ્વારા તેમની જામીન અરજી ફગાવી દેવાઈ હતી. ભારતમાં સત્તાવાળાઓ અધિકારોના યોગ્ય ઉપયોગ સામે નહીં પરંતુ કાયદાના ભંગના કૃત્યોની વિરુદ્ધ છે. આ તમામ કામગીરી ચુસ્ત રીતે કાયદા મુજબ છે.

3. ફાધર સ્ટેન સ્વામીની નાદુરસ્ત તબિયતને ધ્યાનમાં લેતા બોમ્બે હાઈકોર્ટે એક ખાનગી હોસ્પિટલમાં તેમની તબીબી સારવાર કરવાની મંજૂરી આપી હતી જ્યાં તેઓ 28 મેથી શક્ય શ્રેષ્ઠ તબીબી સારવાર મેળવી રહ્યા હતા. તબીબી સમસ્યાઓના કારણે 5 જુલાઈના રોજ તેમનું અવસાન થયું હતું.

4. ભારતના લોકતાંત્રિક અને બંધારણીય માળખાની સાથે એક સ્વતંત્ર ન્યાયતંત્ર, વિવિધ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરના માનવાધિકાર પંચ છે, જે માનવાધિકાર ભંગ પર નજર રાખે છે, અહીં મુક્ત મીડિયા અને જીવંત સિવિલ સોસાયટી છે. ભારત તમામ નાગરિકોના માનવ અધિકારને પ્રોત્સાહિત કરવા અને તેના રક્ષણ માટે પ્રતિબદ્ધ છે."

**નવી દિલ્હી**
**જુલાઈ 06, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.